ગાંધીનગર સમાચાર

# ધરણાની મંજુરી ન મળતા આશાવર્કરો વિધાનસભા પહોંચ્યા

## વિધાનસભા સામે ડૉ. આંબેડકરના બાવલા સામે પહોંચીને સૂત્રોચ્ચાર કર્યો : પોલીસે ત્રણની અટકાયત કરી





ગાંધીનગર, તા. ૮

પોલીયો, મેલેરીયા, કુપોષણ સહીતના રોગો સામે લડવા રસીકરણ કરાવતી આશાવર્કર બહેનો વેતન વધારા સહીતની તેમની કેટલીક માંગો સાથે ઘણા સમયથી વિરોધ દર્શાવી રહી છે. સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરવા મંજુરી માંગી હોવા છતાં મંજુરી ન અપાતા જન અધિકાર મંચને સાથે રાખીને આશાવર્કરો આજે વિધાનસભા સામે પહોંચી ગયા હતા. સૂત્રોચ્ચાર શરૂ કર્યો ત્યાં સુધીમાં પોલીસ પહોંચી ગઈ હતી અને જન અધિકાર મંચના પ્રમુખ-ઉપપ્રમુખ સામે ગુનો દાખલ કરી ત્રણની અટકાયત કરી છે.

ગુજરાતની ૩૮ હજાર જેટલી આશાવર્કર બહેનોને પ્રતિમાસ ૫૦૦થી ૧૫૦૦ જેટલુ વેતન આપવામાં આવે છે. આર્થિક શોષણ ઉપરાંત તેમની કોઈ સમયમર્યાદા નક્કી હોતી નથી. જે અંતર્ગત આશાવર્કરો ઘણા સમયથી લડત આપી રહ્યા છે. ધરણા કરવા માટે આશાવર્કરોએ સત્યાગ્રહ છાવણી પાસેની જગ્યાએ ધરણા કાર્યક્રમની મંજુરી માંગી હતી. પરંતુ મંજુરી ન મળતા આજે ગુજરાત જન અધિકાર મંચ સાથે જોડાઈને વિધાનસભા સાથે આશાવર્કરો પહોંચી ગઈ હતી. પોલીસે જન અધિકાર મંચના પ્રમુખ પ્રવિણ રામ તથા ઉપપ્રમુખ રજનીકાન્ત સોલંકીની કલમ ૧૮૮ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે. પોલીસે આ કાર્યક્રમને પગલે ત્રણની અટકાયત કરી હતી.

## ખૂણે ખાંચરેથી...

● રાજયના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા નાદુરસ્ત થતાં તેમને હોસ્પિટલમાં ખસેડાયા છે અને આરામની સલાહ આપવામાં આવી છે.

● આજે વિશ્વ મહિલા દિવસે રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અભિનંદન આપવા માટે શહેર ભાજપ મહિલા મોરચાની હોદ્દેદાર બહેનો અને અગ્રણી મહિલા સંગઠકો વિશાળ સંખ્યામાં વિધાનસભા પહોંચ્યા હતા.

● શહેર કોંગ્રેસના માયનોરીટી સેલ તથા મહિલા કોંગ્રેસના ઉપક્રમે ધો-૧૦ ને ૧૨ના વિદ્યાર્થીઓને ગુલાબનું ફુલ આપી શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, હિંમતભાઈ મેકવાન, યુસુફભાઈ, મહિલા કોંગ્રેસના ભાનુમતીબેન, જયાબેન લાડ, એમ.આર. પટેલ સહિતના આગેવાનોએ શુભકામના આપી હતી.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના બે શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવતા તંત્ર એ રાહતનો દમ લીધો છે.

● ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓને લઈ લોકોમાં ભારે ફરિયાદ ઉઠી રહી છે.

● ગાંધીનગર શહેરના અંતરિયાળ માર્ગો પર પુનઃ ગંદકીના ઢગલાઓ જામેલા જોવા મળી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના બહેન... અમારા જમાનામાં એવું કાંઈ 'વુમન ડે' જેવું કાંઈ ન હતું.... જે દિવસે એમનો સારો મુડ હોય ત્યારે એ મને મારે નહીં... અને 'મન્નાડે'નાં ગીત આમા સંભળાવતા...!!

## શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની બેઠક યોજાશે

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની કારોબારી તેમજ સલાહકાર સમિતિની મીટીંગ તા.૧૩ માર્ચ રવિવારના રોજ સાંજે ૫ કલાકે સુરેશભાઈ મહેતા પ્લોટ નં-૧૮૨, સહકાર કોલોની, સેકટર - ૧૫ ગાંધીનગર ખાતે યોજાશે. આ બેઠકમાં મુખ્ય ચર્ચા વિચારણા હાટકેશ પાટોત્સવના આયોજન અંગે કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં વસતા વિસનગરા નાગર પરિવારના હોદેદારોને હાજર રહેવા પ્રમુખ સુરેશ મહેતા અને મહામંત્રી મહેશભાઈ રાવલે અનુરોધ કર્યો છે.

## બેસ્ટ બોય ફાયનાન્સીયલ સોલ્યુશનનો ૧૦થી પ્રારંભ

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે બેસ્ટબોય ફાયનાન્સીયલ સોલ્યુશન (ઓથોરાઈઝ પર્સન ઓફ કોટક સીક્યોરીટી)ની નવી બ્રાન્ચનો પ્રારંભ તા. ૧૦ માર્ચ રવિવારના રોજ સવારે ૯:૧૫ કલાકે પટેલ કોમ્પલેક્ષ શોપ નં - ૨૦૭ બીજે માળે ચર્ચની પાછળ બી-૧૧ ડિસ્ટ્રીક શોપીંગ સેન્ટર સેકટર-૨૧ ખાતે કરવામાં આવશે. જેમા શહેરીજનોને એનએસઈ, બીએસઈ, એફ એન્ડ ઓ, એમસીએકસ, એમએફ, ડી. એમએટી.એસી, ન્યું - યુઝ કાર ફાયનાન્સ, હાઉસીંગ ફાઈનાન્સ, પ્રોજેકટ, પર્સનલ, બીસનેસ, ગોલ્ડલોન સહિતની સેવાઓ ઉપલબ્ધ થશે.

## દહેગામમાંથી ચક્ષુદાન મળ્યું

જુનિયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગરને દહેગામ નિવાસી સ્વ. શ્રી દિપ કમલેશકુમાર ભટ્ટ, ઉ.વ. ૧૮, ઠે. ૩૪, નહેરૂપાર્ક સોસાયટી, કોલેજ રોડ, દહેગામ કે જેનું તા. ૫-૩-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે તેમનું તેના કુટુંબીજન કમલેશકુમાર ભટ્ટની સંમતિથી ચક્ષુદાન મળેલ છે.

# આજની મહિલા સશક્ત છે જ, જરૂર છે માત્ર તેણે પોતાની શક્તિઓ ઓળખવાની

**કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વુમન એન્ટર પ્રિન્યોરશીપ સેલના ઉદ્ઘાટન પ્રસંગે સન્માનિત ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓની કેફિયત**

ગાંધીનગર, તા. ૮

વિશ્વ મહિલા દિવસે કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા ''એક કદમ આત્મનિર્ભરતા કી ઔર'' કાર્યક્રમ થકી ''વુમન એન્ટર પ્રિન્યોરશીપ સેલ''ને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે કેએસવીની ૧૪ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ જેમણે પોતાની જાત મહેનતે પોતાનો વ્યવસાય ઉભો કરી સફળતા હાંસલ કરી છે તેમનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે કેટલીક વિદ્યાર્થીનીઓ સાથે ગાંધીનગર સમાચારે વાતચીત કરી તેમના વિચારો જાણવા પ્રયત્ન કર્યો હતો.

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આઈટી ડેવલપમેન્ટ યુનિટ ''લેમ્પપોષ્ટ ટેકનો'' ધરાવતા જનાન્તિકેય બિલ્ગીએ હવે ''શુભમ્ ભવન્તુ'. નામનું એક ઓનલાઈન વેડીંગ પોર્ટલ પણ પ્રારંભ કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે ''આજની મહિલા સશક્ત જ છે પરંતુ માત્ર જરૂર છે તેને પોતાની શક્તિઓ ઓળખવાની. એકવાર પ્રથમ કદમ ઉઠાવ્યા પછી મંઝીલે તો પહોંચી જવાય જ છે પરંતુ સવાલ શરૂઆત કરવાનો જ હોય છે.'' વુમન એન્ટરપ્રિન્યોરશીપ સેલ બાબતે તેમણે જણાવ્યું હતું કે ''આ એક સારી શરૂઆત છે, સારો કોન્સ્ટેપ્ટ છે. મહિલાઓને આ રીતે પ્લેટફોર્મ મળે તે ખૂબ જરૂરી છે. મને વિશ્વાસ છે કે આ પ્લેટફોર્મ થકી અનેક વિદ્યાર્થીઓ તેમની કારકિર્દી સફળતાથી ઘડી શકશે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલીઝમના ભૂતપૂર્વ વિદ્યાર્થીની પલક પટેલ એનઆરઆઈ ભારતીયો માટે કન્સલટન્સી ફર્મ ચલાવે છે. તેઓ એનઆરઆઈને ભારતીય ઉત્પાદનો અને સર્વિસ અંગે માહિતગાર કરાવવાનું તથા જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવાનું કામ કરે છે. તેમણે જણાવ્યું હતું કે 'દરેક મહિલાએ જીવનમાં કેટલાક મૂલ્યો જાળવવા જોઈએ.

ઉદ્યોગ સાહસિક તરીકે સફળ થવા મેં એક ફોર્મ્યુલા તૈયાર કરી હતી જે મુજબ બચત કરવી, વિચારો વહેંચવા તથા હંમેશા અવલોકન કરતા રહેવુ તથા તકોને ઓળખવી.'' હંમેશા નવા વિચારોને અપનાવો અને તમારા આઈડીયા શે'ર કરતા રહો. કડી વિશ્વ વિદ્યાલય દ્વારા સુંદર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આશા છે વધુને વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ ઉઠાવશે.

## ૧૩ વર્ષથી અપહરણના ગુનામાં વૉન્ટેડ શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમમાં પીએસઆઈ



કૃણાલ પટેલ તથા માણસોએ નાસતા ફરતા આરોપીઓ પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. જે અનુસંધાને સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના ગુનામાં વર્ષ ૨૦૦૩થી વૉન્ટેડ ખેડબ્રહ્માના દેવેન્દ્ર ઊર્ફે દેવી લાલભાઈ ગમારની ધરપકડ કરી લીધી છે. આરોપીની ધરપકડ કરીનો એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડે સે. ૭ પોલીસને આરોપી સોંપી દીધો છે.

## આજે પરોઢે ખગ્રાસ સૂર્યગ્રહણ અવકાશી નજારો : ગુજરાતમાં જોવા નહીં મળે

ગાંધીનગર, તા. ૮

આજે તા. ૯મી માર્ચ બુધવારે દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્ભુત અવકાશી નજારો બનવાનો છે. ભારતના પશ્ચિમ ભાગ સિવાયના પ્રદેશોમાં ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળશે જ્યારે ગુજરાતમાં આ દુર્લભ નજારો જોવામાંથી લોકો વંચિત રહેવાના છે. હિંદી મહાસાગરથી પ્રારંભ થનારૂ ગ્રહણ આશરે પાંચ કલાક વીસ મિનિટ રહીને પેસિફિક મહાસાગરમાં સમાપ્ત થશે. ભારતમાં અમુક સ્થળોએ ગ્રસ્તોદિત ગ્રહણ જોવા મળશે. સંવત ૨૦૭૨ના મહાવદ અમાસને તા. ૯મી માર્ચ, ૨૦૧૬ બુધવાર આજે વહેલી પરોઢે કુંભ રાશિ અને પૂ.ભા. નક્ષત્ર થનાર આ ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતના પશ્ચિમ ભાગ સિવાયના પ્રદેશમાં ખંડગ્રાસગ્રસ્તોદિત ગ્રહણ જોવા મળશે. આ ગ્રહણ ભારત, શ્રીલંકા, નેપાળ સાથે પૂર્વ એશિયા, ચીનના દક્ષિણ પ્રદેશમાં જાપાન, દક્ષિણ કોરીયા, ઓસ્ટ્રેલિયા, અલાસ્કા અને કેનેડાના પશ્ચિમના કેટલાક ભાગમાં જોવા મળશે. આ ગ્રહણ હિંદી મહાસાગરથી પ્રારંભ થઈને પેસિફિક મહાસાગરમાં સમાપ્ત થશે.

## ઠાકોર સમાજના ભાઈ બહેનોને ડીરેકટરીમાં નામ નોંધાવવા જોગ

ગાંધીનગર શહેરમાં વસતા ઠાકોર પરિવારના નામ ડીરેકટરીમાં નોંધવાનું ચાલુ છે જે પરિવારના નામ નોંધાવવાના બાકી રહી ગયેલા હોય તેઓએ આશિષ ઠાકોર ૯૯૦૧૨૫૮૫૫૫, ૮૪૮૫૯૮૯૦૧૮ નો સંપર્ક કરી તેમની પાસેથી ફોર્મ મેળવી લઈને સમયસર ભરીને પરત કરવાનું રહેશે.

## વાઈ-ફાઈની ભ્રામક વાતોથી કોંગ્રેસ ખફા...ખફા... આંદોલન કરશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની મહાનગરપાલિકાની ચૂંટણી ટૂંક સમયમાં જ યોજાનાર છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા શહેરના અને મુખ્ય આંતરિક માર્ગો પર લોભામણી જાહેરાતોના હોર્ડિંગ્સ મુકી ગાંધીનગરના નગરજનોને છેતરવાનો હિન પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હાઈ-ફાઈ લોકો માટેની આ સરકાર ગાંધીનગર શહેરને વાઈ ફાઈ યુકત કરવાની વાતો કરે છે જેના માટે સરકારે કોઈ એકશન પ્લાન બનાવેલ નથી. અગાઉ મુખ્યમંત્રીશ્રીએ મોડાસા શહેરને વાઈ-ફાઈ નગર બનાવવાની વાતો કરેલી ત્યારબાદ છ મહાનગરપાલિકાઓની ચૂંટણી સમયે પણ જાહેરાતો કરી શહેરને વાઈ-ફાઈ કરાશેની પોકળ જાહેરાત કરેલી. જાહેરાતોથી ચાલતી આ સરકાર પ્રજા લક્ષી કાર્ય કરતી નથી. અગાઉ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી સમયે પણ સરકારે મેટ્રો ટ્રેનના મસ મોટા હોર્ડિંગ્સ મારેલા અને જાણે રાતોરાત મેટ્રો ટ્રેન દોડવા માંડશે તેવી જાહેરાતો કરેલી જેનું શું થયું તે પ્રજા જાણે છે. જાહેરાતો દ્વારા લોલીપોપ આપતી આ સરકાર દ્વારા ગાંધીનગરના નગરજનોને ખોટી જાહેરાતો દ્વારા છેતરવાનો પ્રયાસ બંધ કરી દેવો જોઈએ, નહિ તો આ બાબતે ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા કલેકટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવશે. અને આવા હોર્ડીંગ્સ ઉતારી લેવા તાકીદે કહેવામાં આવશે અને ગાંધીનગરની જનતાને છેતરવાનું બંધ કરવામાં આવે નહિ તો ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેમ ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી કૌશિક શાહ જણાવે છે.

## ગાંધીનગરમાં માર્ચમાં 'સંસ્કૃત સંભાષણ' વર્ગોનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની સંસ્કૃત ભારતી દ્વારા આગામી તા. ૧૮ માર્ચથી ૨૭ માર્ચ દરમિયાન 'સંસ્કૃત સંભાષણ વર્ગ અભિયાન' આયોજિત કરવામાં આવ્યું છે. પ્રતિદિન બે કલાક જે તે સેકટરમાં સંભાણ વર્ગ ચાલશે. વર્ગનો સમય શીખવા આવનર શિક્ષાર્થીઓની અનુકુળતા મુજબ ગોઠવાશે. પ્રસ્તુત વર્ગમાં કુલ ૨૦ કલાકમાં વ્યવહારિક સંસ્કૃત બોલવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાશે. સંભાષણ વર્ગનું સ્વરૂપ મૌખિક પદ્ધતિનું રહેશે અર્થાત કોઈ પણ વ્યકિત જે સંસ્કૃતમાં બોલવાનું ઈચ્છે છે તે અન્ય કોઈ શૈક્ષણિક ઉપાધિ (ડીગ્રી) વિના નિઃસંકોચ જોડાઈ શકે છે. ૧૫ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યકિત વર્ગમાં આવી શકે છે. અત્યારની સ્થિતિ મુજબ સે-૧, ૫, ૧૭, ૨૨ અને ૨૭માં સંભાષણ વર્ગોનું આયોજન વિચારેલ છે. વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. જે શિક્ષકમિત્રો, સંસ્કૃત પ્રેમી નગરજનો અને વિદ્યાર્થીઓ સંભાષણ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓ સાદર આમંત્રિત છે. વધુ વિગતો માટે ધીરેન્દ્રભાઈ મિશ્રા ૮૪૦૧૨ ૩૮૦૨૩, ૯૫૮૬૯૮૨૧૮૩અને નરેન્દ્રભાઈ રાવલ-૯૪૨૭૩ ૭૦૭૪૮ દૂરવાણી ક્રમ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## એરફોર્સ વાઈવ્સ વેલફેર એસોસિએશનના સભ્યોએ રાજયપાલશ્રીની લીધેલી શુભેચ્છા મુલાકાત

એરફોર્સ વાઈવ્સ વેલફેર એસોસિએશન (ગુજરાત) 'સ્વેક', ગાંધીનગરના સભ્યોએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી.કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# મહિલા દિને ૨૪ મહિલાઓ ઉદ્ગમ વુમન એચિવર્સ એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા. ૮

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને ઉદ્ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સતત સાતમા વર્ષે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ''ઉદગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ-નારી શક્તિ કો સલામ'' કાર્યક્રમનું આયોજન ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી.

ઉદ્ગમ ટ્રસ્ટ દેવેન્દ્રભાઈ પારેખે મહાનુભાવોનો પરિચય આપ્યો હતો. સ્વાગત પ્રવચનમાં ઉદગમના પરમજીત કૌર છાબડાએ ઉદગમ ટ્રસ્ટ વતી સ્વાગત કર્યું હતું. ઉદગમના મે. ટ્રસ્ટી ડો. મયુર જોષીએ સંસ્થાના કાર્યોની માહિતી આપવાની સાથે સંસ્થાના આગામી વર્ષના કાર્યોની જાણકારી આપી હતી.

સાતમાં ઉદગમ વુમન્સ એચીવર્સ એવોર્ડમાં મહેમાન તરીકે ગાંધીનગરના મેયર હંસાબેન મોદી અને નીરજ કે. લાલ, હેડ, સીએસઆઈ, અરવિંદ મિલ્સ, એચ.કે. શર્મા, ચીફ સ્ટાફ ઓફિસર (ટેક), નોર્થ વેસ્ટ રીજન, કોસ્ટ ગાર્ડ અતિથિવિશેષના તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નહેરુ યુવા કેન્દ્રના રજનીકાંત સુથાર, આશાબેન સરવૈયાની વિશિષ્ટ ઉપસ્થિતિમાં મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના મેયર હંસાબેન મોદીએ ઉદગમના મહિલાઓને સન્માનવાના કાર્યની પ્રસંશા કરતા મહિલા સશક્તિકરણ પર ભાર મુક્યો હતો. તેઓએ



મહિલાઓને સંગઠિત થઈને આર્થિક રીતે પગભર થવા પર ભાર મુક્યો હતો. શ્રી નીરજ કે. લાલ, હેડ, સીએસઆર, અરવિંદ મિલ્સ, એચ.કે. શર્મા, ચીફ સ્ટાફ ઓફિસર (ટેક), નોર્થ વેસ્ટ રીજન, કોસ્ટ ગાર્ડે એવોર્ડ પ્રાપ્ત મેળવનાર સહુ બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

લાઈફટાઈમ એચિવમેન્ટ કુસુમબેન ચંદ્રકાંત તન્ના, કમલા કાબરા, સામાજિક કાર્ય મમતા નિમેશ રાવલ, અર્પિતા ધૈવત વ્યાસ, ઉદ્યોગસાહસિક કરિશ્મા જોશી, રેખા મુકુલ અધ્વર્યુ, આરોગ્ય ડો. શ્રી મિસ્ત્રી, ડો. ફાલ્ગુની શશાંક ડોક્ટર, જર્નાલિઝમ જ્યોતિ કૃષ્ણકાંત ઉનડકટ, ફેશન અને આર્કિટેક્ટ અર્ચના અમિત શાહ, ઉર્વી જિજ્ઞેશ રાજવીર, નેહા કોડવાની, કલા અને સાંસ્કૃતિક દવે કિન્નરી જયેશ, કલ્પના ગગ્દેકાર, હસ્તકલા ઈલાબેન પંડ્યા, સંગીત માના રાવલ, સાંસ્કૃતિક દિના ડી. ડોડીયા, હરીતા શાહ, શિક્ષણ કુસુમબેન આરર. જોશી, સવિતાબેન સી. માછી, રમતગમત રમીલાબેન પી. પટેલ શાહ, અનિલા કિશોરકુમાર શાહ, સાહિત્ય મમતાબેન કે. બૂચ, દિવ્યાંગ નિષ્ઠા ઠાકેર આનંદ જેવી વિવિધ ક્ષેત્રમાં નોંધનીય કામગીરી કરનાર ૨૪ મહિલાઓને ઉદગમ વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આશાબેન સરવૈયા, મુક્તિબેન વૈષ્ણવ, પરમજીતબેન છાબડા, જીજ્ઞા શાહ, અન્નપુર્ણાબેન શુક્લએ જ્યુરી તરીકે સેવા આપી હતી. સમગ્ર સમારોહને સફળ બનાવવા માટે સંજયભાઈ પ્રજાપતિ, જીગ્નેશભાઈ પ્રજાપતિ, સેમ્યુઅલ ક્રિશ્ચિયને જહેમત ઉઠાવી હતી. ઉદ્ગમના મેન્ટર આશાબેન સરવૈયાએ ઉદ્ગમ ટ્રસ્ટ વતી સર્વનો આભાર માન્યો હતો અને સંચાલન દેવેન્દ્રભાઈ પારેખે ખુબ જ સુંદર રીતે સફળતાથી કર્યું હતું.